# જાહેરાત

## ગુજરાત રાજય માઘ્યમિક અને ઉચ્ચત્તર માઘ્યમિક શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેની પસંદગી સમિતિ, કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**(રજીસ્ટર્ડ થયેલી સરકારી માઘ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની પસંદગી અંગેની જાહેરાત)**

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૮/૦૪/૨૦૧૨ના જાહેરનામા ક્રમાંકઃજીએચ/એસએચ/૨ /બીએમએસ/ ૧૧૦૯/૧૯૦૬/ગ તથા શિક્ષણ વિભાગના તા.૦૨/૦૪/૨૦૧૩ જાહેરનામા ક્રમાંક: જીએચ/એસએચ/૬/એસએમએસ/૧૦૧૧/૨૫૮/ગ.૧ તેમજ સરકારશ્રીના સ્થાયી ઠરાવો અને જોગવાઇઓ અન્વયે રાજયની રજીસ્ટર્ડ સરકારી માઘ્યમિક શાળાઓ (ગુજરાતી માઘ્યમ)માં શિક્ષણ સહાયકની પસંદગી અંગેની જાહેરાત વર્ષ-૨૦૧૪ સંદર્ભે રજીસ્ટર્ડ સરકારી માઘ્યમિક શાળાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓની કચેરી દ્વારા મળેલી ખાલી જગ્યાઓ મુજબ અંદાજે **કુલ-૯૭૮ જગ્યાઓ** નીચે જણાવેલ વિગતે પસંદગીના ધોરણે ભરવા પસંદગી યાદી તથા પ્રતિક્ષાયાદી તૈયાર કરવા માટે નીચે જણાવેલ વેબસાઇટમાં ઉલ્લેખ કરેલ સુચનાઓ મુજબ શૈક્ષણિક તેમજ વ્યવસાયિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ ઓનલાઇન મંગાવવામાં આવે છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ **તા.૨૦/૦૮/૨૦૧૪ થી તા.30/૦૮/૨૦૧૪સુધી www.gserb.org** વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓનલાઇન (Online) અરજી કરવાની રહેશે.

**ભરવાપાત્ર સરકારી માઘ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકની જગ્યાની વિગતો નીચે મુજબ છે.**

**સરકારી માઘ્યમિક શાળાઓની (ગુજરાતી માઘ્યમ)ની અંદાજે કુલ ખાલી જગ્યાઓની જાતિવાર વિગત દર્શાવતું પત્રક**

| કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી બિન અનામત | કુલ જગ્યા પૈકી સા.શૈ.પ.વ. | કુલ જગ્યા પૈકી અ.જા | કુલ જગ્યા પૈકી અ.જ.જા | કુલ જગ્યા પૈકી શા.ખોડ ખાપણ |
|---|---|---|---|---|---|
| ૯૭૮ | ૫૩૨ | ૨૬૨ | ૫૫ | ૧૧૭ | ૧૨ |

ઉપરોકત જગ્યાઓ પૈકી સરકારશ્રીના વખતો વખતના ઠરાવોની જોગવાઇઓ અન્વયે મહિલા અનામત જગ્યાઓની ભરતી કરવામાં આવશે.

ઉપરોકત જગ્યાઓ પૈકી માજી સૈનિકો માટે ૧૦ ટકા જગ્યાઓ અનામત રહેશે. તદ્ ઉપરાંત માજી સૈનિકની જગ્યાઓ ન ભરાય તો આ જગ્યાઓ ઉપરોકત જે તે કેટેગરી વાઇઝ ભરવામાં આવશે.

**ગુજરાત માઘ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-૨૦૧૪ માં આપવામાં આવેલ TAT ની પરીક્ષા અંગેની જાહેરાતના અનુસંધાને તા.૨૭/૦૭/૨૦૧૪ના રોજ લેવાનાર પરીક્ષાના પાત્ર ઉમેદવારો અરજી કરી શકશે.**

ઉપરોકત નિયમોનુસાર ભરવાપાત્ર અનામત ખાલી જગ્યાઓની વિષયવાર/કેટેગરી વાઇઝ ઉપલબ્ધ જગ્યાઓની વિશેષ વિગતો વેબસાઇટ ઉપર રજુ કરેલ છે.

પ્રસ્તુત જાહેરાતમાં નિર્દેશ કરેલ ખાલી જગ્યાઓ ફેરફારને આધીન છે. તથા પસંદગી સમયે ઉપલબ્ધ ખરેખર ખાલી જગ્યા ઉપર પસંદગી પામેલ ઉમેદવારને મેળવેલ ગુણવત્તાક્રમ અનુસાર પસંદગીની તક ઉપલબ્ધ થશે જેની નોંધ લેવી.

ઉમેદવારોએ નિયત ફી સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાની કોઇપણ શાખામાં વેબસાઇટ પર જણાવવામાં આવેલ સુચનાઓ અનુસરીને ભરવાની રહેશે. જાહેરાત સંબંધી વિગતવાર જાણકારી/સુચનાઓ **www.gserb.org** વેબસાઇટ ઉપર તા.૨૦/૦૮/૨૦૧૪ના રોજ મુકવામાં આવશે.

(ઇ.પી.દેસાઇ)
**સભ્ય સચિવ**
**ગુજરાત રાજય માઘ્યમિક અને ઉ.મા. શૈક્ષણિક સ્ટાફની ભરતી**
**માટેની પસંદગી સમિતિઅને સંયુકત શિક્ષણ નિયામક(માઘ્યમિક),**
**કમિશનર, શાળાઓની કચેરી,**
**ગુ.રા., ગાંધીનગર.**